**ફોજદારી કેસ નં.૧૭૨૨/૨૦૨૨**

**આંક–૧ લગત હુકમ**

૧. ફરીયાદ તથા રેકર્ડ વંચાણે લીધુ. સદર કામે આ કામના ફરીયાદી દ્બારા તારીખઃ ૨૭/૦૪/૨૦૨૨ ના રોજ નેગોશ્યેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમઃ ૧૩૮ અન્વયે ફરીયાદ દાખલ કરેલ અને આરોપી વિરુધ્ધ્ પ્રોસેસ કાઢવામાં આવતા આરોપી તેની બજવણી થતા આરોપી અદાલત રુબરુ હાજર રહેલ અને તા.૧૪/૧૧/૨૦૨૨ ના રોજ આરોપીની પ્લી નોંધવામાં આવેલ અને સદર કામ ફરીયાદીની ઉલટતપાસ માટે રહેલ પરંતુ ત્યારબાદ આજ દિન સુધી ફરીયાદી પોતાની ઉલટતપાસ માટે હાજર રહેલ નથી, અને રેકર્ડ વંચાણે લેતા આરોપી પણ અદાલત રુબરુ હાજર રહેલ નથી. આ સ્થીતી ધ્યાને લેતા હાલનો કેસ દાખલ થયા બાદ ફરીયાદી તરફે તેઓની ઉલટતપાસ માટે કેસ પેન્ડીંગ રહેલ, ત્યારબાદ તેઓ હાજર રહેલ નથી કે આરોપી હાજર ન રહેતા કોઇ અસરકારક પગલા ફરીયાદી તરફે લેવામાં આવેલ નથી. હાલની ફરીયાદ ખાનગી ફરીયાદ તરીકે દાખલ થયેલ. આ ઉપરાંત રેકર્ડ વંચાણે લેવામાં આવે તો, તા.૨૧/૦૧/૨૦૨૩ બાદ આજ દિન સુધી ફરીયાદી કે તેઓ તરફે કોઇ હાજર રહેલ નથી કે કોઇ મુદત અરજ પણ રજુ થયેલ નથી. હાલનો કેસ વર્ષ ૨૦૨૨ ના સમયથી પેન્ડીંગ છે અને હાલની ફરીયાદ ફરીયાદીની સતત ગેરહાજરી તથા આગળની કાર્યવાહીના અભાવે પેન્ડીંગ રહેલ છે અને ફરીયાદીને હાલની ફરીયાદ ચલાવવામાં રસ ન હોવાનું રેકર્ડથી જણાય છે. તેમજ નામ. સર્વોચ્ચ અલદાત અને નામ. વડી અદાલત દ્બારા બિન–અસરકારક કેસો બિન જરૂરી રીતે પેન્ડીંગ ન રહે અને જુના કેસોનો તાત્કાલિક નિકાલ થાય તે માટે સુચના આપવામાં આવે છે. આ સ્થિતિ ધ્યાને લેવામાં આવે તો આ કેસ બિન જરૂરી રીતે પેન્ડીંગ

રહેલ છે, આજ રોજ પણ ફરીયાદી કે તેઓ તરફે કોઈ હાજર નથી મુદત અરજ નથી. તેવા સંજોગોમાં હાલની ફરીયાદી વધુ સમય પેન્ડીંગ રાખવાથી પણ કોઈ હેતુ સરે તેમ નથી. જેથી આ કામે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

ફરીયાદીની હાલની ફરીયાદ, ફરીયાદીની સતત ગેરહાજરી તથા આગળની કાર્યવાહીના અભાવે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૬ અન્વયે રદ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૨ જી, માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૨/૦૬/૨૦૨૬ (ડી.એલ.ઠાકોર)
મુ.બોરસદ. એડી. ચીફ.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
બોરસદ.
કોડ નં.જીજે ૦૦૮૯૩